પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૨૨, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૭-૦૯-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 22 PRICE :-RS. 1.50 DATE : 17-09-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### નો રિપીટ થિયરીને ફોલો કરી મંત્રીમંડળની શપથવિધિ યોજાઈ

## ગુજરાતના સૂકાની ભૂપેન્દ્રભાઈ દ્વારા પોતાની ટીમ તૈયાર કરાઈ

ગાંધીનગર,

ગુજરાત રાજયના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એટલે ગુજરાતના નવા સૂકાનીએ પોતાની ટીમ તૈયાર કરી તેની શપથવિધિ આજે રાજભવન ખાતે યોજી હતી અને તમામે શપથ લીધા બાદ પોતાના મંત્રીમંડળમાં સમાવેશ ગોપનીયતાની શપથ લીધા હતા. આ વર્ષે ગુજરાતનું રાજકારણ કંઈક અલગ અંદાજમાં જોવા મળ્યુ હતું. જેમાં નો-રિપીટ થિયરી સાથે તમામ નવા સભ્યોને મંત્રીપદ આપવામાં આવ્યાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મંત્રીમંડળનું કદ કુલ ૨૫નું રાખવામાં આવ્યું છે, જેમાં ૧૦ કેબિનેટ કક્ષાના મંત્રી અને ૫ સ્વતંત્ર અને ૯ રાજ્યકક્ષાના મંત્રી તરીકે રાખવામાં આવ્યા છે. મંત્રીમંડળની




રચના બાદ સાંજે ૪:૩૦ વાગે મંત્રીમંડળની પ્રથમ બેઠક મળશે, જેમાં મંત્રીઓને ખાતાંની ફાળવણી કરવામાં આવશે.ભૂપેન્દ્ર પટેલનું આ મંત્રીમંડળ ઘણા નવા ચહેરા અને પ્રયોગોવાળું છે. હાલ જ્યાં મંત્રીમંડળમાં એક જ મહિલા ધારાસભ્ય છે, એને સ્થાને બેથી ત્રણ મહિલા મંત્રી એમાં હોઈ શકે છે. ભાજપની સરકાર સામે એન્ટી-ઈક્મ્બન્સી ફેક્ટર છે, એને ખાળવા માટે જ ખૂબ જરૂરી એવા સભ્યોને બાદ કરતાં મોટા ભાગના ચહેરા નવા અને અમુક તો પહેલી ટર્મમાં જ મંત્રી બની જાય એવા હશે. આ ઉપરાંત સ્વાભાવિકપણે જ જ્ઞાતિ અને પ્રદેશનું સંતુલન જળવાશે.શપથગ્રહણ પહેલાં ધારાસભ્યોને મંત્રીપદ સોંપાશે એવા ફોન કરવામાં આવી રહ્યા હતા, જેમાં ગણદેવીના નરેશ પટેલ, કનુ દેસાઈ, દુષ્યંત પટેલ, કિરીટ રાણા, હર્ષ સંઘવી, ઋષિકેશ પટેલ, અરવિંદ રૈયાણી, મનીષા વકીલ, પ્રદીપ પરમાર, કુબેર ડિંડોરને અત્યારસુધીમાં ફોન આવી ચૂક્યા હતા.આ શપથગ્રહણ સમારોહમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ, ભાજપના રાષ્ટ્રીય અગ્રણી અને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ, રાષ્ટ્રીય અગ્રણી, બી. એલ. સંતોષ, ગુજરાત વિધાનસભાનાં પ્રોટેમ્પ સ્પીકર ડૉ. નિમાબેન આચાર્ય, પૂર્વ મંત્રીઓ દંડક પંકજભાઈ દેસાઈ તેમજ રાજ્ય સરકારના વરિષ્ઠ અધિક મુખ્ય સચિવ, અગ્ર સચિવ, પોલીસ મહાનિર્દેશક તેમજ ધારાસભ્યો, ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.ભાજપનાં સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ, ૩૦ જેટલા મંત્રીઓ-ધારાસભ્યો નો-રિપીટ થિયરીથી અત્યંત નારાજ છે અને કોઈપણ હદે જવા માટે મક્કમ છે. એમાંથી મોટા ભાગના એ મંત્રી છે, જે કોંગ્રેસમાંથી ભાજપમાં આવ્યા હતા. કુંવરજી બાવળિયા તો ખૂલીને બહાર આવી ગયા છે. સમાજ દ્વારા પાર્ટી હાઈકમાન્ડને ચેતવણી આપી રહ્યા છે કે કોળી સમાજનું અપમાન થયું તો ચૂંટણીમાં જોઈ લઈશું. અંતે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલને ડેમેજ કન્ટ્રોલની જવાબદારી સંભાળવી પડી છે.આ પહેલાં ગુજરાતના રાજકારણમાં બુધવારનો દિવસ ચોંકાવનારો રહ્યો હતો. નવા મંત્રીમંડળના શપથગ્રહણ માટે મંચ તૈયાર કરાયા બાદ અચાનક પોસ્ટરો ફાડી નાખવામાં આવ્યાં હતાં. છેલ્લી ઘડીએ શપથગ્રહણ ટળી ગયું હતું. છેલ્લાં ૨૫ વર્ષથી સત્તામાં રહેલા ભાજપને પહેલીવાર પોતાના મંત્રીઓની નારાજગીને કારણે આ પગલું ભરવું પડ્યું.

જેમાં મંત્રીમંડળના સભ્યો આ પ્રમાણે છે ભૂપેન્દ્ર પટેલ, ઘાટલોડિયા (મુખ્યમંત્રી), રાજેન્દ્ર ત્રિવેદી, રાવપુરા, જીતુ વાઘાણી, ભાવનગર પશ્ચિમ, ઋષિકેશ પટેલ, વીસનગર, પૂર્ણેશ મોદી, સુરત પશ્ચિમ, રાઘવજી પટેલ, જામનગર ગ્રામ્ય, કનુભાઈ દેસાઈ, પારડી, કિરીટસિંહ રાણા, લીંબડી, નરેશ પટેલ, ગણદેવી, પ્રદીપ પરમાર, અસારવા, અર્જુનસિંહ ચૌહાણ, મહેમદાવાદ, હર્ષ સંઘવી, મજુરા, જગદીશ પંચાલ, નિકોલ, બ્રિજેશ મેરજા, મોરબી જીતુ ચૌધરી, કપરાડા, મનીષા વકીલ, વડોદરા, મુકેશ પટેલ, ઓલપાડ, નિમિષાબેન સુથાર, મોરવા હડફ, અરવિંદ રૈયાણી, રાજકોટ, કુબેરસિંહ ડિંડોર, સંતરામપુર, કીર્તિસિંહ વાઘેલા, કાંકરેજ, ગજેન્દ્રસિંહ પરમાર, પ્રાંતિજ, આર. સી. મકવાણા, મહુવા, વિનુ મોરડિયા, કતારગામ, દેવા માલમ, કેશોદ જેમણે આજે શપથ લીધા હતા.

## નીતિન પટેલ સહિત નારાજ મંત્રીઓને વિપક્ષમાં આવવું હોય તો અમારા દરવાજા ખુલ્લા : હાર્દિક પટેલ

ગાંધીનગર,

હાર્દિક પટેલે અન્ય એક ટ્વીટ પણ કરી હતી. તેમાં લખ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીનું રાજીનામુ જનતાને ગુમરાહ કરવા માટે લેવામાં આવ્યું છે. ભાજપ ગુજરાતમાં સરકાર ચલાવવામાં અસફળ રહ્યું છે. ઓક્સિજનની તંગી, લોકોના મોત, સ્મશાનોની તસવીરોથી જનતા નારાજ છે. અસલી પરિવર્તન આગામી વર્ષે ચૂંટણીઓ બાદ આવશે જ્યારે જનતા ભાજપને સત્તા પરથી ઉખાડી ફેંકશે.ગુજરાતના ઈતિહાસમાં આજે પ્રથમ વખત એક સાથે પાંચ પાંચ મંત્રીઓના શપથગ્રહણ થઈ રહ્યા છે. રાજયમાં પટેલ સરકારના નવા મંત્રીમંડળનો આજે શપથગ્રહણ સમારંભ યોજાઈ રહ્યો છે. જેમાં નો રિપીટ થિયરી અંતર્ગત સીનિયર નેતાઓને પડતા મુકાયા છે અને નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યુ છે. અગાઉની રૂપાણી સરકારમાં રહેલા તમામ સીનિયર મંત્રીઓના પત્તા કપાઈ ગયા છે. આ કાર્યવાહીમાં ભાજપના મોટા માથા અને ખાસ કરીને નીતિન પટેલ સહિત રાજ્યના મુખ્યમંત્રી રહેલા એવા વિજય રૂપાણી ખુદ નારાજ હોવાની વાતો વહેતી થઈ હતી. નારાજ નેતાઓને મનાવવા માટે રીતસરના મનાવવા પડ્યા હતા. જેના માટે થઈને ગતરોજ જે શપથગ્રહણ સમારંભ યોજાવાનો હતો, તે મુલતવી રાખવો પડ્યો હતો. નારાજ નેતાઓ આજે ક્યાં ફીટ થઈ ગયા છે, તે કોઈ નથી જાણતા,


(અનુ.પાના.નં.૨)


## ૧૫ સપ્ટે.ની ડેડલાઇન પૂર્ણ છતાં ઈન્ફોસિસે આઈટીની વેબસાઈટની ખામીઓ યથાવત

નવી દિલ્હી,

૨૩ ઓગસ્ટના રોજ નાણા મંત્રાલયે ઈન્ફોસિસના સીઈઓ સલિલ પારેખને સમન્સ પાઠવીને નાણા પ્રધાન નિર્મલા સિતારમનને મળવા માટે બોલાવ્યા હતાં. નાણા પ્રધાન સાથેની બેઠક પછી ઈન્ફોસિસને વેબસાઈટની તમામ ખામીઓ દૂર કરવા માટે ૧૫ સપ્ટેમ્બર સુધીનો સમય આપવામાં આવ્યો હતો.સરકારે ઈન્ફોસિસને આપેલ ૧૫ સપ્ટેમ્બરની ડેડલાઈન પૂર્ણ થઈ ગઈ હોવા છતાં કરદાતાઓને આવકવેરા વિભાગની નવી વેબસાઈટમાં પડી રહેલી મુશ્કેલીઓ સંપૂર્ણપણે દૂર થઈ નથી. આ વેબસાઈટનો વારેવાર ઉપયોગ કરનારા ટેક્સ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર વેબસાઈટમાં હજુ પણ કેટલાક કામોમાં મુશ્કેલીઓનો સાંમનો કરવો પડી રહ્યો છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર નવી વેબસાઈટ લોન્ચ થયાના ત્રણ મહિના થઈ ગયા હોવા છતાં હજુ પણ ફાઈલ થયેલા રિટર્ન માટે રેક્ટિફિકેશન સબમીટ થતા નથી. રિફંડ સ્ટેટસ ચેક થઈ શક્તું નથી. આ ઉપરાંત રિફંડ રિઈશ્યુ રિક્વેસ્ટ ફાઈલ થઈ શક્તી નથી. આ ઉપરાંત આકારણી વર્ષ ૨૦૧૩-૧૪ પહેલાના ફાઈલ થયેલા આઈટીઆર જોઈ શકાતા નથી. ઉલ્લેખનીય છે કે નવી વેબસાઈટ સાત જૂને લોન્ચ કરવામાં આવી હતી. લોન્ચ થયાના પ્રથમ દિવસથી જ કરદાતાઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ૨૦૧૯માં ઈન્ફોસિસને આવકવેરા વિભાગની નવી વેબસાઈટ લોન્ચ કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.




# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


### મહીસાગર જિલ્લામાં ૮ જનહિતકારી કાર્યક્રમોનું આયોજન

## કોરોના કાળમાં એક વાલીને ગુમાવી નોંધારા બનેલા ૨૦૭ બાળકોના ખાતામાં માસિક સહાયની રકમ જમા કરાશે

લુણાવાડા,

સમગ્ર રાજ્યમાં મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને તાલુકાઓમાં ૪૦૦થી વધુ સ્થળોએ ગરીબોની બેલી સરકાર કાર્યક્રમોનું દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે આવતીકાલ તા.૧૭.૦૯.૨૦૨૧ના રોજ આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે મહીસાગર જિલ્લામાં કલેકટર ડો.મનિષકુમારના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લામાં વિવિધ પ્રજાહિત કલ્યાણલક્ષી યોજનાઓના કાર્યક્રમ યોજવામાં આવ્યા છે.

કલેક્ટર ડો.મનિષકુમારએ જણાવ્યું કે વડાપ્રધાનના જન્મ દિવસે પ્રધાનમંત્રી ઉજજવલા યોજના ૨.૦, અને મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત સહાય વિતરણ કરવામાં આવનાર છે.

તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રીના જન્મ દિવસની સાર્થક ઉજવણી માટે મહીસાગર જિલ્લામાં નગર પાલિકા વિસ્તાર દીઠ એક એમ કુલ ૦૨ (બે) અને છ તાલુકા દીઠ એક સહિત કુલ ૦૮ જનહિતકારી કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમના અસરકારક અને સુચારૂ અમલ માટે નોડલ અધિકારીઓની પણ નિમણુક કરવામાં આવી છે. ગરીબોની બેલી સરકાર કાર્યક્રમ અંતર્ગત મહીસાગર જિલ્લામાં પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના હેઠળ કુલ ૧૨૦૦ લાભાર્થીઓને વિનામૂલ્યે ગેસ કીટ તેમજ લાભાર્થીઓને ગેસ કનેકશનના સબસ્ક્રીપ્શન વાઉચરનું વિતરણ કરવામાં આવશે. આ યોજના હેઠળ લાભ મેળવવા પાત્ર લાભાર્થીઓ ગેસ જોડાણ મેળવી શકશે. અગાઉ મહીસાગર જિલ્લામાં આ યોજના હેઠળ ૮૦૯૧૦ હજાર ગેસ જોડાણ પુરા પાડવામાં આવ્યા છે. સ્વચ્છ ભારત મિશન અભિયાન હેઠળ ગામડાઓમાં સામુદાયીક સોક પીટ, વ્યક્તિગત સોક પીટ (શોષ ખાડો) અગાઉ બનેલ અને રીપેર કરી શકાય તેવા શૌચાલયોનુ સમારકામ, નવા શૌચાલય બનાવવા માટેના હુકમોનું પણ વિતરણ કરવામાં આવશે.

મહીસાગર જિલ્લામાં કોરોના કાળમાં માતા કે પિતા ગુમાવનાર ૨૦૭ જેટલા એક વાલી વાળા બાળકોને મુખ્ય મંત્રી બાળ સેવા યોજના હેઠળ દર માસે બે હજાર રૂપિયા આપવાની યોજના અમલમાં છે. આ તમામ બાળકોના બેંક ખાતામાં સીધે સીધા રૂા. ૪.૧૪ લાખ ડી.બી.ટી. મારફત જમા કરાવવામાં આવશે. પ્રધાનમંત્રીના જન્મ દિને તમામ ૦૮ કાર્યક્રમમાં ૨૫ બાળકોને સહાય મંજૂરીના હુકમોનું વિતરણ કરવામાં આવશે.

## દાહોદ સહિત જીલ્લાવાસીઓ માટે ઝાયડસ હોસ્પિટલ આર્શીવાદરૂપ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લાવાસીઓ માટે આરોગ્યની દ્રષ્ટિએ જીવાદોરી સમાન એટલે દાહોદની ઝાયડસ હોસ્પિટલ. આ હોસ્પિટલમાં અનેકવિધ અત્યાધુનિક સાધનો સાથે અસંખ્ય બેડની વ્યવસ્થા સાથે સુસજ્જ આ હોસ્પિટલમાં દરરોજ અસંખ્ય દર્દીઓ પોતાની સારવાર માટે આવતાં હોય છે. ગરીબ હોય કે, મધ્યમ વર્ગીય હોય કે, પછી પુર્ણપોષિત કુંટુંબ દરેક પરિવારો આ દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતાં હોય છે. દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે આવતાં દર્દીઓ જે દાખલ થયાં હોય તેવા દર્દીઓ માટે શરૂંઆતથીજ નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા પણ કરી દેવામાં આવી છે. દર્દીઓને પોષ્ટિક અને તાજો ખોરાક મળી રહે તે માટે આ હોસ્પિટલમાં એક કેન્ટીન પણ ચોવીસે કલાક કાર્યરત રહે છે. દર્દીઓ સાથે આવતાં તેમના પરિવારજનો માટે પણ આ કેન્ટીનમાં નજીવા દરે ભોજન પુરૂં પાડવામાં આવે છે. કેન્ટીનમાં ખાસ બેઠક વ્યવસ્થા પણ કરવામાં આવી છે. અનેક સુવિધા સાથે સુસજ્જ આ ઝાયડસ હોસ્પિટલમાં દરરોજના હજ્જારો દર્દીઓની અવર જવર પણ થતી હોય છે.

દાહોદની ઝાયડસ હોસ્પિટલની વિશેષતા એ છે કે, ડાઈટીશીયન હાજર છે. દરેક દર્દીને તેમને યોગ્ય લગતું અને ઉત્તમ તેમજ પોષ્ટિક આહાર તે પણ નિઃશુલ્ક વિના મુલ્યે પુરૂં પાડવામાં આવે છે. ઝાયડસ હોસ્પિટલના સત્તાધિશો દ્વારા ખાસ સ્વચ્છતા તરફ ધ્યાન આપવામાં આવે છે. હોસ્પિટલમાં ગંદકી ન ફેલાય તે માટે હોસ્પિટલમાં સફાઈ કર્મચારીઓ સતત ખડેપગે કામગીરી કરતાં રહે છે. દર્દીઓ સાથે આવતાં તેમના સ્વજનોને સ્વચ્છતા માટે ખાસ સુચનો અને વિનંતી પણ કરવામાં આવે છે. દર્દીના સ્વજનો શાંતિપુર્ણ માહોલમાં અને સુવ્યસ્થિત જગ્યાએ ભોજન ગ્રહણ કરી શકે તે માટે તેઓને કેન્ટીનમાં જમવા માટેનો આગ્રહ કરવામાં આવે છે. જરૂરી નથી કે, આ હોસ્પિટલના કેન્ટીનમાંથી જમવાનું લે પરંતુ દર્દીના સ્વજનો જો ઘરેથી પણ જમવાનું લઈને આવે તો તેઓને પણ કેન્ટીનમાં જમવાનો આગ્રહ કરવામાં આવતો હોય છે. કારણ કે, જેનાથી હોસ્પિટલમાં ગંદકી અને કચરો ન ફેલાય. ઝાયડસ હોસ્પિટલનું કેન્ટીન પણ ઘર જેવા માહોલ જેવું જ છે. સ્વચ્છ, સુંદર અને ચોખ્ખુ ચણાટ. આ કેન્ટીનમાં બેઠક વ્યવસ્થા તરફ પણ ખાસ દયાન આપવામાં આવ્યું છે. કેન્ટીનમાં ટેબલોની સાથે સાથે ખુરશીની બેઠક વ્યવસ્થા પણ પુરૂી પાડવામાં આવી છે જેથી કોઈપણ વ્યકિત શાંતિથી અને નિરાંતે જમી શકે. આ હોસ્પિટલની સૌથી મોટી ખાસીયત એ છે કે, કેન્ટીનમાંથી સપ્લાય થતું દર્દીઓ માટે બનતું ભોજન ખુદ હોસ્પિટલના મુખ્ય અધિકારીઓ, તબીબોથી લઈ તમામ નાના મોટા કર્મચારીઓ પણ આજ ભોજન આરોગે છે.

દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં હાલની તારીખમાં દરરોજ ૧૭૦૦ થી ૨૦૦૦ દર્દીઓ રોજના હોસ્પિટલમાં સારવાર માટે આવતાં હોય છે અને દર્દીઓની સાથે તેમના પરિવારમાંથી ૦૩ થી ૦૪ વ્યક્તિઓ પણ આવતાં હોય છે. હોસ્પિટલના સત્તાધિશો દ્વારા દર્દીની સાથે સાથે તેમના સ્વજનો માટે પણ બેઠક વ્યવસ્થા માટે પણ ખાસ ધ્યાન આપવામાં આવે છે. દર્દીઓની સાથે સાથે તેમના પરિવારજનોની જો રોજની ગણતરી કરીએ તો રોજના આ હોસ્પિટલમાં સાત થી આઠ હજાર વ્યકિતઓની અવર જવર થતી હોય છે. આટલી મોટી સંખ્યામાં દર્દીઓની અને તેમના પરિવારજનોની અવર જવર વચ્ચે પણ હોસ્પિટલના સત્તાધિશો, તબીબો તેમજ કર્મચારીઓ સતત ખડેપગે ચોવીસે કલાક તેઓની સેવામાં કાર્યરત રહે છે.

જાણવા મળ્યાં અનુસાર, રોજના ઝાયડસ હોસ્પિટલમાં ૫૦૦ એક્સ – રે, ૨૦૦ થી ૨૫૦ જેટલી સોનોગ્રાફી, ૧૦,૦૦૦ જેટલા લેબ ટેસ્ટ વિગેરે કામગીરી દરરોજ કરવામાં આવે છે.

આ તમામ સુવિધાઓ વચ્ચે દાહોદ ઝાયડસ હોસ્પિટલના સત્તાધિશો, તબીબો, સ્ટાફ મિત્રો તેમજ સફાઈ કર્મચારીઓ ખડેપગે પોતાની કામગીરી નિરંતર બજાવી રહ્યાં છે.

આ સમગ્ર કામગીરી હોસ્પિટલના સી.ઈ.ઓ. ડાૅ. સંજય કુમાર અને જનરલ મેનેજર પ્રકાશ પટેલના માર્ગદર્શન અને નિગરાનીમાં કરવામાં આવે છે.

આમ, દાહોદની ઝાયડસ હોસ્પિટલ દાહોદ શહેર સહિત ખાસ કરીને જિલ્લાના ગ્રામીણ વિસ્તારના લોકો માટે આર્શિવાદરૂપ સમાન છે.

## દાહોદમાં જિલ્લામાં પ્રધાનમંત્રીના જન્મદિવસે ૯૯ હજાર લોકોને કોરોનાની વેક્સિન અપાશે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં આવતી કાલે તા. ૧૭ સપ્ટેમ્બરનાં રોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે મેગાવેક્સિનેશન અભિયાન અંતર્ગત ૯૯ હજાર લોકોને વેક્સિન આપવામાં આવશે. આ ઉપરાંત ગરીબોની બેલી સરકાર કાર્યક્રમ અંતર્ગત વિવિધ ફ્લેગશીપ યોજનાનો લાભ લાભાર્થીઓને આપવામાં આવશે. કલેક્ટર ડો.હર્ષિત ગોસાવી અને જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં એક સયુક્ત નિવેદનમાં આ માહિતી પત્રકારોને આપી હતી.

તેમણે જણાવ્યું કે, જિલ્લામાં કોરોનાની રસીકરણની કામગીરી ગત તા. ૧૬ જાન્યુઆરીથી પૂરજોશમાં ચાલી રહી છે. જિલ્લામાં વેક્સિનની લાયકાત ધરાવતા ૧૫,૩૭,૭૩૭ લોકોમાંથી ૧૩,૨૯,૨૦૨ લોકોને વેક્સિનના પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. જયારે ૪,૨૪,૨૯૩ લોકોને વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. જિલ્લામાં વેક્સિનની લાયકાત ધરાવતા અને વેક્સિન લેવાની બાકી હોય તેવા હજુ ૨,૦૮,૫૩૫ લોકોને વેક્સિન આપવા માટેનું પણ યોગ્ય આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું કે, આવતી કાલે તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસે મહારસીકરણ અભિયાન અંતર્ગત જિલ્લાના ૯૯ હજાર લોકોને વેક્સિન આપવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા વેક્સિનનો પણ પૂરતો જથ્થો ફાળવી દેવામાં આવ્યો છે. તેમજ તાલુકા કક્ષાએ તેની ફાળવણી પણ કરી દેવામાં આવી છે. આ મહારસીકરણ અભિયાન અંતર્ગત જિલ્લામાં ૬૦૦ વેક્સિનેશન સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. જેમાં આરોગ્ય વિભાગનાં કુલ ૨૯૫૦ કર્મચારીઓની ટીમ વેક્સિનેશનની કામગીરીમાં જોડાશે અને ૧૨૦૦ જેટલા વેક્સિનેટર દ્વારા નાગરિકોને કોરોનાની વેક્સિન આપવામાં આવશે.

પત્રકાર પરિષદમાં કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી અને જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લાના તમામ નાગરિકો જેમને વેક્સિનનો પ્રથમ કે બીજો ડોઝ લેવાનો બાકી છે તેઓ આવતી કાલે અવશ્ય નજીકના વેક્સીનેશન સેન્ટર પરથી વેક્સિન લે એ માટે અપીલ કરી હતી. જિલ્લામાં અત્યારે ૪૦ હજાર જેટલા નાગરિકોને બીજો ડોઝ લેવા માટેનો સમય થઇ ગયો હોય તેઓ પણ આ મહારસીકરણ અભિયાનનો લાભ લઇ વેક્સિનનો ડોઝ લઇ લે તેમ તેમણે જણાવ્યું હતું.

ગરીબોની બેલી સરકાર અભિયાન વિશે માહિતી આપતા જણાવ્યું કે, ઉજ્જ્વલા ૨.૦ અંતર્ગત લાભાર્થીઓને ગેસ કનેક્સન આપવામાં આવશે. તેમજ સ્વચ્છ ભારત મિશન અભિયાન હેઠળ ગામડાઓમાં સામુદાયિક સોકપીટ, વ્યક્તિગત સોકપીટ, શૌચાલયોનું સમારકામ, નવા શૌચાલય બનાવવા માટેના હુકમ વિતરિત કરાશે. આ ઉપરાંત જિલ્લામાં કોરોના કાળમાં માતાપિતા ગુમાવનાર અનાથ બાળકોને મુખ્ય મંત્રી બાળ સેવા યોજના હેઠળ દર માસે ચાર હજાર રૂપિયા આપવાની યોજના અમલમાં છે. આ તમામ બાળકોના બેંક ખાતામાં સીધે સીધી સહાય રકમ ડી.બી.ટી. મારફત જમા કરાવવામાં આવશે. આ ઉપરાંત કોરોનામાં જે બાળકોએ માતા અથવા પિતા ગુમાવ્યા છે તેવા બાળકોને રૂ.૨૦૦૦ ની રકમ તેમના ખાતામાં જમા કરાવવામાં આવશે. પ્રધાનમંત્રીના જન્મ દિને યોજાનારા કાર્યક્રમમાં બાળકોને સહાય મંજૂરીના હુકમોનું વિતરણ કરવામાં આવશે.

પત્રકાર પરિષદમાં નાયબ કલેક્ટર રાજેન્દ્ર ગામેતી, જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ચંદ્રકાંત પટેલ, ડો. રાકેશ વહોરિયા તેમજ પત્રકારો ઉપસ્થિત રહ્યાં હતા.




ચંદ્રકાંતાબેન જી.સાયન્સ કોલેજમાં તા.૧૬/૦૯/૨૦૨૧ ગુરૂવાર ના રોજવિશ્વ ઓઝોન દિવસ (World Ozone Day) અંતર્ગત કોલેજના માનનીય આચાર્ય નિશિથ જે. મોઢિઆ અને સ્ટાફ દ્વારા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં કોલેજના ત્રણેય વર્ષના NSSના વિદ્યાર્થિઓએ ઓઝોન સ્તરનું મહત્વ અને ફાયદા વિશે સૌને માહિતગાર કર્યા હતા.

## ઝાલોદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વેક્સિનનું આયોજન કરાયું




ઝાલોદ,

ઝાલોદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કોલેજ, NSS વિભાગ અને આરોગ્ય કેન્દ્ર, ઝાલોદના સંયુક્ત ઉપક્રમે કોરોના વેક્સિનનુ આયોજન કરવામાં આવ્યું હતુ. જેમા ૧૧૧ વિદ્યાર્થીઓનું વેક્સિનેશન કરવામાં આવ્યુ. જેમા કોલેજના આચાર્ય પટેલ સાહેબ, કોલેજના સ્ટાફ મિત્રો, NSS પ્રોગ્રામ ઓફિસર બી.એમ. ગોહિલ સાહેબ, આરોગ્ય સ્ટાફમાં ડો.પ્રિતેશ, વિમલભાઈ, મનિષભાઈ પંચાલ, સંજયભાઈ, પુષ્પાબેન, સ્મિતાબેન અને NSS માંથી કેમ્પસ એમ્બેસેડર ડામોર નિકિતા અને ફકીરા સેહબાજ અને અન્ય સ્વયંસેવકોની હાજરીમાં વેક્સિનેશન કેમ્પ સંમ્પન થયો.

## ફતેપુરા તાલુકાના ભોજેલા ગામના યુવકનું વીજળી પડતા થયેલ મરણ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના ભોજેલા ગામે રહેતા યુવક સૌરાષ્ટ્રના રાજકોટ ગામે ખેત મજુરી કામ અર્થે ગયેલ યુવકનો અતિ વરસાદ થી વિજળી પડતા મૃત્યુ થયું હતું. ભોજેલા ગામના રહેવાસી જીતેન્દ્રભાઈ ઝલાભાઇ પરમાર ઉંમર વર્ષ આશરે ૪૫ સૌરાષ્ટ્રના રાજકોટ મુકામે ખેત મજૂરી અર્થે ગયેલા હતા રાજકોટ મુકામે અતિ વરસાદ થી વીજળી પડતા જીતેન્દ્ર ભાઇ પરમાર નું મૃત્યુ થતાં તેઓને લાશને માદરે વતન ભોજેલા ગામે લાવીને અંતિમવિધિ કરવામાં આવેલ હતી જીતેન્દ્ર ભાઈના આકસ્મિક મૃત્યુ થતાં તેના કુટુંબીજનો માતમ છવાઈ જવા પામ્યો હતો.

ભોજેલા ગામ ના યુવક જીતેન્દ્રભાઈ પરમાર રાજકોટ મુકામે ખેત મજૂરી ગયેલ હતા વરસાદ વીજળી પડતાં મૃત્યુ થતા ભોજેલા ગામ એ તેમની અંતિમવિધિ કરવામાં આવી હતી.

## ઝાલોદના કારઠ ગામે કંબોઈ મંદિરની દાન પેટી માંથી ૧૫ હજાર રોકડની ચોરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કારઠ ગામે આવેલ કંબોઈ ધામ મંદિરમાં અજાણ્યા ચોર ઈસમોએ પ્રવેશ કરી મંદિરની દાન પેટીમાંથી રોકડા રૂપીયા ૧૨ થી ૧૫ હજારની રોકડ રકમ ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ગત તા.૧૪મી થી ૧૫મી સપ્ટેમ્બરના રોજ કોઈપણ સમયગાળા દરમ્યાન કારઠ ગામે કંબોઈ ફળિયામાં આવેલ કંબોઈ ધામ મંદિરમાં અજાણ્યા ચોર ઈસમોએ મંદિરની દિવાલ કુદીને મંદિરના પટાંગણમાં પ્રવેશ કર્યો હતો અને મંદિરમાં મુકી રાખેલ દાન પેટીમાંથી રોકડા રૂપીયા ૧૨ થી ૧૫ હજારની રોકડ રકમની ચોરી કરી લઈ અજાણ્યા ચોર ઈસમો નાસી જતાં આ સંબંધે કારઠ ગામે કંબોઈ ફળિયામાં રહતાં પ્રવિણભાઈ ધીરાભાઈ નીનામાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડામાં સસ્તા ભાવે સિમેન્ટ આપવાની લાલચે ૧.૭૯ લાખની છેતરપિંડી કરતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા નગરમાં એક ઈસમે એક વ્યકિતને સિમેન્ટની થેલીઓ સસ્તા ભાવે આપવાની લાલચ આપી રૂા. ૧,૭૯,૬૦૦ની છેતરપીંડી, વિશ્વાસઘાત કરતાં આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

મૂળ ગરબાડાના બોરીયાલા દિવાનીયાવાડ ફળિયામાં રહેતો અને હાલ દાહોદ શહેરની આદિવાસી સોસાયટી ખાતે રહેતો ઓમપ્રકાશભાઈ ચંદુભાઈ રાઠોડે ગરબાડા તાલુકાના ભીલવા ગામે તળાવ ફળિયામાં રહેતાં કિરણકુમાર અમરસીંગભાઈ કટારાને ગત તા.૨૨.૦૫.૨૦૨૧ના રોજ સિમેન્ટની થેલીઓ સસ્તા ભાવે આપવાની લાલચ આપી ઓમપ્રકાશભાઈએ કિરણભાઈ પાસેથી રૂા.૧,૭૯,૬૦૦ લઈ લીધાં હતાં અને સિમેન્ટની થેલીઓ નહીં આપી અને પૈસા પણ પરત નહીં આપી રૂા.૧,૭૯,૬૦૦ની છેતરપીંડી, વિશ્વાસઘાત કરતાં આ સંબંધે કિરણકુમાર અમરસીંગભાઈ કટારાએ ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સીંગવડ ગામની સગીરાનું પત્ની તરીકે રાખવા અપહરણ

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ ગામેથી એક ૧૪ વર્ષીય સગીરાને એક યુવક દ્વારા પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે. ગત તા.૨૨મી ઓગષ્ટના રોજ સીંગવડ તાલુકાના અરોડા ગામે ટેકરી ફળિયામાં રહેતો રંગીતભાઈ મોહનભાઈ ડાયરાએ સીંગવડ તાલુકામાં રહેતી એક ૧૪ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં સીંગવડ ગામેથી સગીરાનું અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાની માતા દ્વારા રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શંકરસિંહ વાઘેલાના ટ્વિટથી અનેક તર્ક-વિતર્ક : બાપુનો કોની તરફ ઈશારો



ગાંધીનગર,

નવા મંત્રીમંડળ માટે ધારાસભ્યોને ફોન કરવામાં આવ્યા છે. નવા પ્રધાનમંડળમાં પાટીદારોનો દબદબો જોવા મળ્યો છે. પ્રધાનમંડળમાં આશરે આઠ ધારાસભ્યો, બે ક્ષત્રિય, ૬ ઓબીસી, ત્રણ એસટી, બે એસસી અને એક જૈન ધારાસભ્યનો સમાવેશ થયો. નવા પ્રધાનમંડળમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સૌથી વધારે ધારાસભ્યોને સ્થાન મળ્યું છે. સૌથી મોટો અન્યા આહીરોને થયો છે. આહીર સમાજના ૨ મંત્રીઓ વાસણભાઈ આહીર અને જવાહરભાઈ ચાવડાનું પત્તું કપાઈ ગયું છે. ગણદેવીના ધારાસભ્ય નરેશ પટેલ, પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ, મજુરાના ધારાસભ્ય હર્ષ સંઘવી, લિંબડીના ધારાસભ્ય કિરીટસિંહ રાણા, ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલ, મહુવાના ધારાસભ્ય આર.સી. મકવાણા, ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પટેલ, રાજકોટ ઈસ્ટના ધારાસભ્ય અરવિંગ રૈયાણી, ભાવનગર વેસ્ટના ધારાસભ્ય જીતુ વાઘાણી, નિકોલના ધારાસભ્ય જગદીશ પંચાલ, વડોદરા શહેરના ધારાસભ્ય મનિષા વકીલ, કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ, ડિસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા અને પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારને શપથવિધિ માટે ફોન આવ્યો છે.ભૂપેન્દ્ર પટેલના નવા મંત્રીમંડળના શપથ પહેલાં જ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ટ્વિટર પર ટ્વીટ કર્યું છે. તેમણે લખ્યું છે, આજની રાજનીતિ મહાભારતથી ઓછી નથી. પોતાના સિદ્ધાંતો અને સ્વાભિમાન પર આંચ આવે તો પોતાના જ પરિવારના કૌરવો સાથે લડવુ જ સાચો ધર્મ અને કર્મ છે. આ ધર્મ યુદ્ધ માત્ર સ્વાભિમાનની રક્ષા માટે નથી, પરંતુ સમગ્ર પ્રદેશના કલ્યાણ માટે છે. જ્યારે જ્યારે આવી પરિસ્થિતિ આવશે ત્યારે 'અર્જુનદ્લને નિસંકોચ યુદ્ધ કરવું પડશે.

(પાન નં.૧ નું ચાલુ)

### નીતિન પટેલ સહિત નારાજ.....

ઘીના ઠામમાં ઘી ઠલવાઈ ગયું હોય તેમ ભારતીય જનતા પાર્ટીએ ઉતાવળા પગલે એક સાથે પાંચ પાંચ મંત્રીઓના શપથ લેવડાવી રહ્યા છે. એક બાજૂ નારાજ મંત્રીઓ ક્યાંક બળવો ન કરે, તે માટે થઈને ફટાફટ આ કાર્યક્રમ પતાવી આજે સાંજે કેબિનેટની બેઠક પણ બોલાવી છે. જો કે, એક એવી અફવા પણ ફેલાઈ હતી કે, નારાજ નીતિન પટેલ છે અને તેમના સંપર્કમાં ૧૨થી ૧૪ ધારાસભ્યો હોવાની વાત ફેલાઈ હતી, તેઓ બળવો કરી શકે છે તેમ પણ હવા ફેલાઈ હતી. જો કે આ વાતમાં કેટલો દમ છે એ તો આવનારો સમય બતાવશે, પણ હાલ તો નીતિન પટેલ ખુદ શપથગ્રહણ સમારંભમાં સ્ટેજ પર પહોંચ્યા છે. આ બાબતનો ફાયદો ઉઠાવીને હાર્દિક પટેલે મોટુ નિવેદન આપ્યું છે. ગુજરાત કોંગ્રેસના નેતા હાર્દિક પટેલે જામનગરમાંથી નિવેદન આપ્યુ છે કે, નીતિન પટેલ સહિત નારાજ મંત્રીઓને વિપક્ષમાં આવવું હોય તો અમારા દરવાજા ખુલ્લા છે. અગાઉ પણ હાર્દિક પટેલે સરકારમાં જે સખળડખળ ચાલી રહી હતી તેને લઈને નિવેદન આપતા જણાવ્યુ હતું કે, આરએસએસ અને ભાજપના સર્વેમાં કોંગ્રેસ જીતી રહ્યું છે. આ કારણે જ ગુજરાતના મુખ્યમંત્રી પાસેથી રાજીનામુ લેવામાં આવ્યું છે. હાર્દિક પટેલે જણાવ્યું કે, ૧૫ મહિના બાદ યોજાનારી ચૂંટણીમાં કોંગ્રેસને ૪૩ ટકા મત મળી રહ્યા છે અને ૯૬-૧૦૦ બેઠકો મળી રહી છે. જ્યારે ભાજપને ૩૮ ટકા મત અને ૮૦-૮૪ બેઠક મળી રહી છે. આપને ૩ ટકા અને મીમને ૧ ટકા મત મળી રહ્યા છે.

આઝાદી નો અમૃત મહોત્સવ



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત

દુનિયાના સર્વાધિક લોકપ્રિય નેતા,
દેશના લોકલાડીલા વડાપ્રધાન તેમજ

## ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીને

# જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ...

દેશવાસીઓની આકાંક્ષાઓને પૂર્ણ કરવા સતત કાર્યરત રહેવા બદલ **ધન્યવાદ મોદીજી**



## ગરીબોના બેલી
### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

**કોરોનાના કપરા સમયમાં ગરીબો માટે રાશનની ચિંતા કરી**
ગુજરાતમાં ૮૦% લોકોને ૧૮ મહિના સુધી નિ:શુલ્ક અનાજ આપ્યું

**મહિલાઓને ચૂલાના ધુમાડામાંથી મુક્તિ આપી**
ઉજ્જવલા યોજનાથી રાજ્યના ૨૯ લાખ પરિવારોને
ગેસ કનેક્શન આપવામાં આવ્યાં

**ગરીબો માટે ખોલ્યા બેન્કના દરવાજા**
રાજ્યમાં કુલ ૧.૬૧ કરોડ લોકોના જનધન યોજના
હેઠળ બેન્ક ખાતા ખોલવામાં આવ્યાં

**ખેડૂતોની સુખાકારી માટે સતત કાર્યરત**
રાજ્યના ૫૮.૮૭ લાખ ખેડૂતોને દર વર્ષે રૂ. ૬૦૦૦ ની સહાય

**જનસામાન્યને આપી સ્વાસ્થ્યની સુરક્ષા**
આયુષ્માન યોજના હેઠળ રાજ્યના ૩.૩૦ કરોડ લોકોને
૫ લાખ રૂપિયા સુધીની નિ:શુલ્ક સારવારની ગેરંટી

**ગરીબ પરિવારોના સ્વાસ્થ્ય અને સન્માનની કરી ચિંતા**
રાજ્યમાં ૩૩.૫૦ લાખ ગ્રામ્ય ઘરોમાં શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું

**ગરીબોને આપ્યા તેમના સપનાનાં ઘર**
રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૪.૭૧ લાખ પરિવારોને
મળ્યા સુવ્યવસ્થિત ઘર

**સૌને વેક્સિન, મફત વેક્સિન. ધન્યવાદ મોદીજી**
રાજ્યમાં ૫ કરોડથી વધુ વેક્સિનના ડોઝ આપવામાં આવ્યાં



## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે આયોજિત કાર્યક્રમો

રાજ્યમાં ૪૦૦ થી વધુ જગ્યાએ ગરીબહિતલક્ષી કાર્યક્રમો યોજાશે

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના ભાગ-૨ ની શરૂઆત. **૩ લાખ લાભાર્થીઓને નિ:શુલ્ક ગેસ કનેક્શન** આપવામાં આવશે. કાર્યક્રમના દિવસે **૧૫ હજાર લાભાર્થીઓને ટોકન સ્વરૂપે ગેસ કનેક્શન** આપવામાં આવશે.

રાજ્યના મહાનગરોના **સ્લમ એરિયામાં ૩ હજારથી વધુ વસતીએ દીનદયાળ ઔષધાલય શરૂ** કરવામાં આવશે. જેથી જે તે વિસ્તારના ગરીબ લોકોને ઘર આંગણે જ આરોગ્ય સુવિધા મળી રહે

૧૦૦% વેક્સિનેટેડ થયેલા ૭૧૦૦ ગામોના સરપંચોના સન્માનનો કાર્યક્રમ

સ્વચ્છતા અભિયાનને વેગ આપતા **ગ્રામીણ ક્ષેત્રો વ્યક્તિગત શૌચાલય, શોષ ખાડા રિપેરીંગ-સામૂદાયિક શૌચાલય રિપેરીંગ** તેમજ **નવા શૌચાલયના નિર્માણના** કામોનું આયોજન

કોરોનાકાળમાં કોરોનાથી **માતા અથવા પિતા ગુમાવનારા નિરાધાર બાળકોને બે હજાર રૂપિયાની માસિક સહાય** ડી.બી.ટી.થી ચૂકવવામાં આવશે

4 તા.૧૭/૦૯/૨૦૨૧ શુક્રવાર

પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# નવી ગુજરાત સરકારમાં પંચમહાલ અને મહિસાગરના ધારાસભ્યોને મંત્રી પદ આપતાં આનંદ



ગોધરા,
નવનિર્મિત ગુજરાત સરકારમાં પૂર્વ. પંચમહાલ જિલ્લાના બે ધારાસભ્યો ને મંત્રી તરીકે સ્થાન મળતા પૂર્વ. પંચમહાલના જિલ્લાના લોકોમાં અને ભાજપના કાર્યકરો તેમજ અગ્રણીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો સંતરામપુરના ધારાસભ્ય પ્રો. કુબેરભાઈ ડીડોર અને મોરવા હડપ તાલુકાના ધારાસભ્ય મનિષાબેન નો મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આદિવાસી પરિવારમાંથી આવતા પ્રોફેસર કુબેરભાઈ ડીડોર સંતરામપુર તાલુકાના ભંડારા ગામના વતની છે કોલેજકાળ દરમિયાન થી જ તેઓ સમાજસેવાની કર્મનિષ્ઠ ફરજ બજાવતા હતા. વ્યવસાય પ્રોફેસર કુબેરભાઈ ડીડોર સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે કોલેજમાં ફરજ બજાવે છે. પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના આર્થિક સામાજિક અને ધાર્મિક વિકાસ માટે તેઓ ખડાપગે કામગીરી પણ કરી રહ્યા છે, મદય ગુજરાતની ની અલગ યુનિવર્સિટી પ્રાપ્ત થાય તે માટે પણ તેઓ પ્રયત્નશીલ હતા. પંચમહાલ જિલ્લા સહિત અન્ય રાજ્યોના આદિવાસી સમાજમાં આગવી આસ્થા ધરાવતું ધાર્મિક સ્થળ અને ઐતિહાસિક શહીદોની ભૂમિ માનગઢ ના વિકાસમાં પણ તેઓનું અથાગ યોગદાન રહેલ છે, મહિસાગર જિલ્લાના વિસ્તારના ‘‘પર્યટન ક્ષેત્ર‘‘ વિકાસ માટે પણ તેઓ સતત પ્રયત્ન કરી રહયાં છે, મહીસાગર અને દાહોદ જિલ્લાની પાણીની સમસ્યા દૂર થાય સરકારમાં અનેકવાર રજૂઆતો કરતાં ચાલુ વર્ષે નદી તળાવો ભરવામાં આવ્યા હતા. તેઓના પ્રયત્નોથી લોકોને ઘેર ઘેર પાણી મળે તે માટે પણ અનેક યોજનાઓ કાર્યરત થઈ હતી.

આદિવાસી પરિવારમાંથી આવતા અને ઉચ્ચ શૈક્ષણ મેળવેલ પ્રો. કુબેરભાઈ ડીડોર વ્યવસાયે શિક્ષક છે અને તેઓએ પી.એચ.ડી. કરી ને ડોક્ટરની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. ઉચ્ચ શિક્ષણ મેળવેલ સંતરામપુર ના લોકલાડીલા ધારાસભ્ય ગુજરાત સરકારના મંત્રીમંડળમાં સ્થાન મેળવી શક્યા છે જેના કારણે મધ્ય ગુજરાત સહિત જુના પંચમહાલ જિલ્લાનો વિકાસ આગળ ધપશે તેવી ચાહના તેઓના સમર્થકો રાખી રહ્યા છે.

પંચમહાલ જિલ્લાના મોરવાહડફના ધારાસભ્ય નિમીષાબેન સૂથારને રાજ્યકક્ષાના મંત્રી બનાવામાં આવ્યા છે. નિમીષાબેન સુથાર મોરવાહડફ વિધાનસભા મતવિસ્તારમાં સારી એવી લોકચાહના ધરાવે છે. મોરવાહડફ આદિવાસી સમાજની વસ્તી ધરાવતો વિધાનસભા મતવિસ્તાર છે. નિમીષાબેન સૂથાર ૨૦૧૩ થી ૨૦૧૭ સુધી મોરવા હડફ વિધાનસભા બેઠકના ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે.

સવિતાબેન ખાંટ ના અવસાન બાદ યોજાયેલી મોરવાહડફની ખાલી પડેલી બેઠક માટે યોજાઈ હતી. પછી ૨૦૧૭માં તેમને ટીકીટ ન આપવામાં આવી હતી. ભાજપનો પરાજય થયો હતો. ભૂપેન્દ્ર ખાંટ ધારાસભ્ય બન્યા હતા, પણ તેમનૂ અવસાન થતા ફરી પેટાચૂંટણીમાં યોજાઈ હતી ભાજપે ફરી નિમીષાબેન સૂથાર પર પસદંગીનો કળશ ઢોળ્યો હતો. પેટાચુટણીના પરિણામો જાહેર થતા તેમનો ભવ્ય વિજય થયો હતો.

આદિવાસી વિધાનસભા મતવિસ્તારના મહિલા ધારાસભ્યને રાજ્યકક્ષાનું મંત્રીપદ મળતા સ્થાનિક લોકો, સર્મથકો તેમજ ભાજપ અગ્રણીઓ અને કાર્યકરોમાં ભારે ખુશીનો માહોલ વ્યાપ્યો છે. સોશિયલ મીડીયા પર અભિનંદન પાઠવામાં આવી રહ્યા છે. ગાંધીનગર ખાતે તેમના સમર્થકો નિમિષાબેન સુથારને પુષ્પગુચ્છ આપીને તેમને અભિનંદન આપ્યા હતા.

## યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા શાખાના ગ્રાહકોની મુશ્કેલીઓનું નિવારણ લાવવા APMC ચેરમેનની રજૂઆત



ગોધરા,
ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિ, ગોધરાના ચેરમેન રાજેન્દ્રસિંહ વી.ચૌહાણ દ્વારા યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, મહેલોલ શાખાના ગ્રાહકોની મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા માટે રજુઆત

ગોધરા તાલુકાના મહેલોલ ગામમાં એક માત્ર રાષ્ટ્રીયકૃત બેન્ક યુનિયન બેંક ઓફ ઈન્ડિયા આવેલી છે. જેમાં આશરે એકવીસ હજાર જેટલા ખાતેદારો છે. મહેલોલ, હરકુંડી, ઈસરોડિયા, મુવાડી, સુખિયાપુરી, રામપુરા, જોડકા, ભાણપુરા, પ્રતાપપુરા, તારબોરડી, ધનોલ, ભાટપુરા, ભલાણીયા, જેવા ૪૫ જેટલા રેવન્યુ વિસ્તારમાં આ બેન્ક આવેલી છે. પચ્ચીસ જેટલી સહકારી મંડળીઓ અને ૫૦ જેટલી દૂધ મંડળીના ખાતાઓ ઉપરાંત અનેક પ્રાથમિક શાળાઓ હાઈસ્કૂલ, વિદ્યાભારતી શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓ અને શિક્ષકોના ખાતાં,સરકારી કર્મચારીઓ, પેન્શન મેળવતા કર્મચારીઓ, વિધવા સહાય યોજનાના લાભાર્થીઓ... વગેરે અનેકવિધના ખાતાં આ બેન્કમાં ચાલે છે.

પરંતુ સદર બેન્કમાં વારંવાર સર્વર ખોટકાઈ જવાથી, ધીમું ધીમું ચાલવાથી અને બંધ થઈ જવાથી ખાતેદારોને ખૂબ જ મુશ્કેલીઓ પડે છે. ખરી જરૂરીયાત વખતેજ બેન્ક ગ્રાહકોને નાણાં મળી શકતા નથી કે ક્યારેક ગોધરા ખાતે લેવા જવું પડે છે.

આ બેંકના ખાતેદારોની પાસબુકમાં નિયમિત એન્ટ્રી થતી નથી કે પાસબુક મૂકીને જવું પડે છે અને બેન્કમાં કાઉન્ટર પર આવી પાસબુક જોવા મળે છે. વિધવા સહાય યોજના અંતર્ગત લાભાર્થીને સહાયની રકમ મેળવવા માટે પણ ધક્કા ખાવા પડે છે.

બેન્કમાં કે બેન્કની બહાર ખાતેદારો માટે બેસવાની વ્યવસ્થા પૂરતી નથી. બેન્કની અંદર કાઉન્ટરની બંને બાજુએ કેટલોય સામાન મુકવામાં આવેલો છે. જેથી અવરજવર અને બેસવા કે ઊભા રહેવામાં તકલીફ પડે છે. કેટલાકના નવાં ખાતાં ખોલવામાં ઘણો જ વિલંબ થાય છે.આ બધી મુશ્કેલીઓનું વહેલી તકે નિરાકરણ આવે તેવી ગ્રામજનોની ખાતેદારોની માંગણી ચેરમેન ઍપીએમસી ગોધરા સમક્ષ કરેલી છે.

સદર બેન્કના અધિકારીઓ દ્વારા પણ કેટલીક મુશ્કેલીઓની જાણકારી સેન્ટ્રલ બેંક કે ઉપરી અધિકારીઓને જાણ કરવામાં આવી છે છતાં પણ હજી સુધી નિરાકરણ આવ્યું નથી.

બી.એસ.એન.એલ. દ્વારા ટાવરનું નેટવર્ક બરાબર નહીં હોવાથી કે નેટવર્ક ઠપ થઈ જવાથી પણ મુશ્કેલી ઊભી થાય છે. બેન્કમાં પડતી મુશ્કેલીઓના કારણે થાપણદારો પણ મૂંઝવણ અનુભવે છે. એ.પી.એમ.સી.ગોધરાના ચેરમેન રાજેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા મા.કલેકટર ગોધરા પંચમહાલ ને પણ બેન્કમાં પડતી મુશ્કેલીઓ અને નવી બીજી રાષ્ટ્રીય કૃત બેન્ક ખોલવા માટે અગાઉ લેખિત રજૂઆતો કરી છે.* સાથે સાથેવગ્રામ્ય રોટરી સેવાદળના,મહેલોલ પ્રમુખ (એકસ) કે.ઓ.શાહ,મહેલોલ, હેમંતભાઈ ભટ્ટ જેવા જાગૃત નાગરિકો દ્વારા પણ રજૂઆતો કરવામાં આવે છે. તો યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને બી.એસ.એન.એલ. ના સંબંધિત સૌને વિનંતી છે કે સદર બેન્કનું કામકાજ સારી રીતે ચાલે, સર્વર અને નેટવર્ક ઠપ થાય નહીં અને બેન્કના ગ્રાહકો.. થાપણદારોનું કામ સરળતાથી.. સહેલાઈથી મળી શકે, મુશ્કેલીઓ પડે નહીં, તેવી કાર્યવાહી હાથ ધરવા માટે કે.ઓ.શાહ,મહેલોલની આ વિસ્તારના પ્રજાજનો અને ખાતા ધારકો વતી વિનંતી છે.

## ગોધરા વેસ્ટન રેલ્વે મજદુર સંઘ દ્વારા સરકારની નીતિઓના વિરોધ પ્રદર્શન કરાયું

ગોધરા,
ગોધરા વેસ્ટન રેલ્વે ગોધરા દ્વારા એન.એફ.આઈ.આર.ના આહ્વાન પર સપ્તાહ માટે વિવિધ પ્રકારે વિરોધ પ્રદર્શન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તે મુજબ આજરોજ ગોધરા રેલ્વે મજદુર સંઘ દ્વારા કાર્યાલયની સામે રેલ્વે સંપતિના ખાનગીકરણ, નિગમીકરણ અને મુદ્રીકરણના વિરોધમાં રેલ્વે બચાવો દેશ બચાવોના નારા સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.

ગોધરા વેસ્ટન રેલ્વે દ્વારા એન.એફ.આઈ.આર. દ્વારા સરકાર દ્વારા રેલ્વે મિલ્કતનું ખાનગીકરણ કરવામાં આવી રહ્યું છે. નિગમીકરણ તેમજ મુદ્રીકરણ કરવામાં આવી રહ્યું છ. તેનો રેલ્વે કર્મચારીઓમાં વિરોધ થઈ રહ્યો છે અને સરકાર દ્વારા રેલ્વેના ખાનગીકરણ, નિગમીકરણ તેમજ મુદ્રીકરણને રોકવા વિરોધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એન.એફ.આઈ.આર. દ્વારા સપ્તાહ ૧૩ સપ્ટેમ્બર થી ૧૮ સપ્ટેમ્બર ભારતીય રેલ્વે દ્વારા દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરવાનું આહ્વાન કરવામાં આવ્યું છે. તે મુજબ ગોધરા રેલ્વે મજદુર સંઘ ૧૬ સપ્ટેમ્બરના રોજ કાર્યાલય સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. ગોધરા રેલ્વે મજદુર સંઘ દ્વારા માંગણી કરાઈ છે કે, વર્કશોપ પ્રોડક્શન યુનિટ / પ્રિન્ટીંગ પ્રેસને વેચવાનું બંધ કરવું, ખાનગી ટ્રેન ઓપરેટર શું મુદ્રીકરણ, સીલીંગ લીમીટ કાઢીને બોનસનું આપવામાં આવે. મોંઘવારી ભથ્થુ જે ત્રણેય હપ્તાનું ચુકવણું કરવામાં આવે. રાત્રીના ભથ્થાની જે લીમીટ છે રૂપીયા ૪૩,૬૦૦/-ને દુર કરી બધાને નાઈટ ફરજ આપવા નિયમ સાથે એલ.ડી.સી.ઓપન ટ્રે ઓલ કરવામાં આવે. મજદુર વિરોધ નીતિઓને લાગુ કરવાનું બંધ કરે. નવિન પેન્શન યોજના રદ કરી જુની પેન્શન યોજના લાગુ કરવામાં આવે. તેવી માંગ સાથે આજરોજ ગોધરા વેસ્ટન રેલ્વે મજદુર સંઘના સી.ડબલ્યુ સી મેમ્બર તેમજ ગોધરા બ્રાન્ચના સેક્રેટરી તથા એસડીસીના આસી.અને કર્મચારીઓની હાજરીમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.

## આત્મા પ્રોજેક્ટ કચેરી દ્વારા ઓડિયો કોન્ફરન્સ મારફતે ખેડૂતોને કૃષિ સંબંધિત માર્ગદર્શન અપાયું

ગોધરા,
આજના ડિજીટલ યુગમાં મોબાઈલ મારફતે ખેડૂતો કૃષિ સબંધિત વિષયો અંગે ખેડૂતોપયોગી માહિતી મેળવી તેનો ઉપયોગ ખેતીમાં કરી વધુ ઉત્પાદન અને આવક મેળવી શકે તે હેતુસર આત્મા પ્રોજેક્ટ કચેરી, પંચમહાલ દ્વારા મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર,ગોધરાના સહયોગથી રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ઓડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના મુખ્ય પાક એવા મકાઈની આધુનિક વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિને આવરી લઈ ડાયલ આઉટ ઓડીયો કોન્ફરન્સ યોજવામાં આવેલ હતી જેમાં પંચમહાલ જિલ્લાના સાતેય તાલુકાના ફાર્મર ફ્રેન્ડ/ખેડૂતમિત્રો દ્વારા ૧૦૦૦ થી વધુ ખેડુતોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન મકાઈની નવીન જાતો, મૂલ્યવર્ધિત જાતો અંગે ખેડૂતોના મુંઝવતા પ્રશ્નોનુ નિરાકરણ ડો.પિનાકીન પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે મકાઈની ખેતીમાં વાવેતરનો સમય, અંતર, બિયારણ દર, ખાતર વ્યવસ્થાપન, પિયત જેવા વિવિધ મૂંઝવતા પ્રશ્નોનુ નિરાકરણ કનુભાઈ પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા તેમજ બાયો ફર્ટિલાઈઝર અને છેલ્લા કેટલાક સમયથી ખેડૂતો માટે માથાનો દુખાવો બની ગયેલ ચાર ટપકાવાળી લશ્કરી ઈયળ ફોલ આર્મી વર્મ તેમજ રોગ અને જીવાત નિયંત્રણ અંગે મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ ડો ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન રીલાયન્સ ફાઉન્ડેશનના ભાવેશભાઈ પટેલ અને આત્મા પ્રોજેક્ટ વતી ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર યોગેશ જી.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પંચમહાલ અને દાહોદ જિલ્લાના શ્રમયોગી કલ્યાણક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનારા શ્રમયોગીઓએ પારિતોષિક માટે અરજી કરવી

ગોધરા,
પંચમહાલ તથા દાહોદ જિલ્લાના કારખાનાઓમાં કામ કરતા શ્રમયોગીઓમાંથી જે શ્રમયોગીએ ઉત્પાદન, ઔદ્યોગિક શાંતી જાળવવામાં, આફતના સમયે પોતાની આત્મસૂઝ અને ત્વરિત પગલાંથી કારખાનામાં અને આજુબાજુના અસરગ્રસ્ત ક્ષેત્રમાં જાનમાલના બચાવ સહિત શ્રમયોગી કલ્યાણ માટે કરેલ વિશિષ્ટ કામગીરીને પ્રસંશા આપવા રાજ્ય શ્રમરત્ન, રાજ્ય શ્રમભુષણ, રાજ્ય શ્રમવીર, રાજ્ય શ્રમ/ શ્રમદેવી એમ દરેક શ્રેણીમાં ચાર એમ કુલ- ૧૬ રાજ્ય શ્રમ પારિતોષિક આપવાની તથા સ્મ્રુતિચિન્હ આપવાની યોજના રીજીયન દીઠ અમલમાં મુકેલ છે. આ પારિતોષિક સને- ૨૦૨૦-૨૦૨૧ના નાણાંકીય વર્ષ દરમિયાન કરવામાં આવેલી વિશિષ્ટ કામગીરી માટે આપવામાં આવશે. વિશિષ્ટ કામગીરીમાં શ્રમયોગીની કારખાના બહારની સામાજિક કે બીજી પ્રવૃતિ દર્શાવવાની નથી. એક કરતાં વધારે શ્રમયોગીઓએ સંયુક્ત રીતે કોઈ કામગીરી કરી હોય તો તેઓ પણ સંયુક્તપણે અરજી કરી શકે છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ની જોગવાઈ મુજબ કામદારની વ્યાખ્યામાં ગણાતી વ્યક્તિ જ પારિતોષિક મેળવવા માટેની અરજી કરવા લાયક ગણાશે અને એ વ્યકિત કારખાના ધારા-૧૯૪૮ હેઠળ નોંધાયેલ કારખાનામાં કામ કરતી હોવી જોઈએ. જે શ્રમયોગી આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેમણે નિયત કરેલ અરજી ફોર્મ નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, બહુમાળી મકાન, પહેલો માળ, કલેકટર કચેરીના કંમ્પાઉન્ડમાં ગોધરા, જી. પંચમહાલ ની કચેરીમાંથી વિનામુલ્યે મેળવી લેવાના રહેશે. અરજદાર શ્રમયોગીએ / મેનેજમેન્ટે સંપુર્ણ વિગતો સાથેની અરજી આજ કચેરીએ તા. ૩૦/૯/૨૦૨૧ સુધીમાં પહોંચતી કરવાની રહેશે. સમય મર્યાદા બાદ કરવામાં આવતી અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી તેમ નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ગોધરાની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે પંચમહાલ જિલ્લામાં વિવિધ જનહિતલક્ષી કાર્યક્રમોનું આયોજન

ગોધરા,
આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે રાજ્યભરમાં ૪૦૦થી વધુ સ્થળોએ ગરીબોની બેલી સરકાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં પણ કલેકટર સુજલ મયાત્રાના માર્ગદર્શન હેઠળ ૧૧ જેટલા સ્થળોએ વિવિધ જનહિતલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં જિલ્લાના જરૂરતમંદ લાભાર્થીઓને વિવિધ યોજનાકીય લાભોથી લાભાન્વિત કરવામાં આવશે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના ૨.૦ યોજના અંતર્ગત આવતીકાલે દરેક કાર્યક્રમ સ્થળે ૧૦૦ લાભાર્થીઓને વિનામૂલ્યે ગેસ કનેકશન પૂરા પાડવામાં આવશે. ગોધરામાં સરદાર નગરખંડ અને સેન્ટ આર્નોલ્ડ સ્કૂલ ખાતે, કાલોલ તાલુકામાં નગરપાલિકા હોલ, કાલોલ અને જવાહર નવોદય વિદ્યાલય, વેજલપુર ખાતે, હાલોલ તાલુકામાં નગરપાલિકા હોલ, હાલોલ તેમજ અરાદ પ્રાથમિક શાળા- અરાદ, શહેરા તાલુકામાં નગરપાલિકા હોલ, શહેરા અને ડોકવા પ્રાથમિક શાળા-ડોકવા, ઘોઘંબા તાલુકામાં સ્વામીનારાયણ મંદિર-ઘોઘંબા, મોરવા (હ) તાલુકામાં સરકારી વિનયન કોલેજ-મોરવા (હ) તેમજ જાંબુઘોડા તાલુકામાં મહાત્મા ગાંધી હોલ, જાંબુઘોડા ખાતે આ કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમોમાં કોરોના કાળ દરમિયાન માતા કે પિતા ગુમાવનાર જિલ્લાનાં ૩૧૨ જેટલા બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજના હેઠળ પ્રતિ માસ બે હજારની સહાયના મંજૂરી હુકમો પણ આવતીકાલે વિતરીત કરવામાં આવશે. આ તમામ બાળકોના બેંક ખાતામાં સહાયની રકમ ડી.બી.ટી. મારફત જમા કરાવવામાં આવશે.

## શહેરાના ઉજડા ગામે આગણવાડીની આસપાસ સ્વચ્છતાનો અભાવ

શહેરા,
શહેરા તાલુકાના ઉજંડા ગામ ખાતે આંગણવાડી કેન્દ્ર ૩ ની આસપાસ સ્વચ્છતાનો અભાવ સાથે સમયસર ખોલવામાં નથી આવી રહી તેવી બૂમો ઉઠવા પામી હતી. આંગણવાડી કેન્દ્ર દ્વારા ગુરૂવારના રોજ ૩ થી ૬ વર્ષના બાળકોને ઘરે જઈને સુખડી નહી આપતા હોવાનું ચર્ચાઈ રહયુ હોય ત્યારે સી.ડી.પી.ઓ દ્વારા અહી તપાસ કરીને ગ્રામજનોના જવાબ લેવામાં આવે તે જરૂરી બન્યુ છે.

શહેરા તાલુકાના ઉજંડા ગામમાં આંગણવાડી કેન્દ્ર ૩ ની આસપાસ સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે. આ આંગણવાડી કેન્દ્ર ૩ સમયસર નહી ખોલવામાં આવતી હોવા સાથે આંગણવાડી કાર્યકર બહેન કેન્દ્ર ખાતે અમુક સમયે હાજર નહી રહેતા હોવાનુ ચર્ચાઈ રહયુ છે. આંગણવાડી કેન્દ્ર ખાતે મળેલ જથ્થો કાર્યકર બહેનના ઘરે મુકવામાં આવતા હોવાનુ તેડાઘર બહેન પાસેથી જાણવા મળેલ હોય ત્યારે આ બાબતે આઈ.સી.ડી.એસ શાખાના સી.ડી.પી.ઓ રમીલાબેન ખાંટ આ બાબતને ગંભીરતાથી લઈને અહી ઓચિંતી તપાસ કરેતો તેમને પણ ખબર પડે કે અહીની પરિસ્થિતિ શું છે. આંગણવાડી કેન્દ્ર સમાવિષ્ઠ કરેલ ૩ થી ૬ વર્ષના બાળકોને દર ગુરૂવારે આપવામાં આવતી સુખડી પણ બાળકો સુધી પહોંચતી નહિ હોવાની અનેક ચર્ચાઓનો દોર ચાલી રહ્યો હોય ત્યારે જિલ્લા પ્રોગ્રામ ઓફિસર અને સી.ડી.પી.ઓ. આ સામે મીઠી નજર નહી રાખીને યોગ્ય તપાસ કરીને કાર્યવાહી કરવામાં આવે જેથી અન્ય આંગણવાડીમાં લોલમલોલ ચાલી રહયુ હોય તો બંધ થઈ જાય તો નવાઈ નહી.

## દે.બારીયાના બૈણા ગામે ડાકણના વ્હેમ ગડદાપાટુનો મારમારી ધિંગાણું મચાવતા ફરિયાદ

દાહોદ,
દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના બૈણા ગામ અંધશ્રદ્ધાનું ભુત વળગતાં બે ઈસમોએ એક મહિલા ઉપર ડાકણ હોવાનો ખોટો શક વહેમ રાખી મહિલાના ઘરે પહોંચી જઈ બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ મહિલાના ઘરના સદસ્યોના ત્રણ વ્યક્તિઓને કુહાડી વડે, લાકડી વડે તેમજ ગડદાપાટુનો માર મારી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ગત તા.૧૪મી સપ્ટેમ્બરના રોજ બૈણા ગામે ભુલવણ માવી ફળિયામાં રહેતાં ગુરૂસીંગભાઈ ફુલજીભાઈ માવી અને ચંદુભાઈ ગુરસીંગભાઈ માવી એમ બંન્ને જણા પોતાની સાથે કુહાડી, લાકડી જેવા મારક હથિયારો સાથે પોતાનાજ ગામમાં રહેતાં સુરતીબેન બાબુભાઈ માવીના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, આજથી આશરે છએક મહિના પહેલા મારી પત્નિ મરણ ગયેલ હોય અને તું ડાંકણ છે અને તું મારી પત્નિને ખાઈ ગયેલ છે અને તેના કારણે મારી પત્નિ મરણ ગયેલ છે. આમ, કહેતા સુરતીબેન અને તેમના પરિવારજનોએ ગાળો બોલવાની ના પાડતાં ગુરસીંગભાઈ અને ચંદુભાઈ બંન્ને એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પોતાની સાથે લાવેલ કુહાડી, લાકડી વડે તેમજ ગડદાપાટુનો માર મારી બાબુભાઈ, રાજુભાઈ, ઉદેસીંગભાઈને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવ્યું હતું.

આ સંબંધે સુરતીબેન બાબુભાઈ માવીએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજી અને તેમના ધર્મ પત્નીએ ગોધરા તાલુકાના નદીસર ગામે નંદકેશ્વર મહાદેવ ખાતે વિવિધ દ્રવ્યોથી અભિષેક કરી રૂદ્રી પૂજન કરવામાં આવ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.22